# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં સભ્ય પરિવારનું સ્નેહ મિલન તથા નવી ડિરેકટરી વિમોચન કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું... જેમાં બહોળી સંખ્યામાં સભ્ય પરીવારો ઉપસ્થિત રહયા હતા...

રાજયના વેપાર-ઉધોગના સર્વશ્રેષ્ઠ અને અગ્રગણ્ય સંગઠન પૈકીનું ૭૦ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તા.૪-૧-૨૦૨૫, શનિવારના રોજ વિશાળ સભ્ય પરીવારનું સ્નેહમિલન, સંગીત સંધ્યા, ભોજન સમારંભ, સન્માન સમારંભ તથા નવી ડિરેકટરી વિમોચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે કેબીનેટમંત્રીશ્રીમતી ભાનુબેન બાબરીયા, પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, આર્ષ વિધામંદિર-મુજકાના પ.પુજય સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી, સાંસદશ્રી રામભાઈ મોકરીયા, મેયરશ્રીમતી નયનાબેન પેઢડીયા, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, શ્રીમતી દર્શિતાબેન શાહ, શહેર ભાજપ પ્રમુખશ્રી મુકેશભાઈ દોશી, જીલ્લા પંચાયત ચેરમેનશ્રીમતી પ્રવિણાબેન રંગાણી, પ્રવકતાશ્રી રાજુભાઈ ધ્રુવ, કલેકટરશ્રી, મ્યુનીશીપલ કમિશ્નરશ્રી, જીલ્લા વિકાસ અધિકારી, CGST કમિશ્નર, જોઈન્ટ ડીજીએફટી, જીલ્લા ઉધોગ કેન્દ્રના જનરલ મેનેજર, તેમજ ચેમ્બરના પુર્વ પ્રમુખશ્રીઓ, સૌરાષ્ટ્રની ચેમ્બરો અને એસોસીએશનોના હેદેદારો તેમજ બહોળી સંખ્યામાં સભ્ય પરીવારો ઉપસ્થિત રહયા હતા.

સ્નેહમિલન કાર્યક્રમની પહેલા ફેડરેશન ઓફ સૌરાષ્ટ્ર-કચ્છ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેનશ્રી વી.પી. વૈષ્ણવની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્રના વેપાર-ઉધોગના પ્રશ્નોને વાચા આપવા અને તેનું નિરાકરણ લાવવા માટે મિટીંગ મળેલ હતી. જેમાં જામનગર ચેમ્બરના પ્રમુખશ્રી બિપેન્દ્રસિંહ જાડેજા, જુનાગઢ ચેમ્બરના સેક્રેટરીશ્રી સંજયભાઈ પુરોહીત, ગુજરાત ચેમ્બરના રીજીઓનલ સેક્રેટરીશ્રી જીજ્ઞેશભાઈ કારીયા, કચ્છ ડિસ્ટ્રીકટ ચેમ્બરના પ્રમુખ, રાજેશભાઈ ભટ, ઉના ચેમ્બરનાશ્રી ઈશ્વરભાઈ, ઉપલેટા ચેમ્બરનાશ્રી અલ્પેશભાઈ, જામજોધપુર ચેમ્બરનાશ્રી નરેન્દ્રભાઈ કવિયા, મોરબી ચેમ્બરનાશ્રી મુકેશભાઈ, વાંકાનેર ચેમ્બરનાશ્રી પ્રગ્નેશભાઈ તેમજ કોડીનાર ચેમ્બરનાશ્રી હરિભાઈ વિગેરે ઉપસ્થિત રહયા હતા.

સ્નેહમિલન કાર્યક્રમના પ્રારંભે રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સર્વે ઉપસ્થિત મહાનુભાવો તથા સભ્ય પરિવારનું હાર્દિક સ્વાગત કરી રાજકોટ ચેમ્બર વેપાર-ઉધોગોના પ્રશ્નોને વાચા આપવા હંમેશા કટિબધ્ધ છે. ત્યારે રાજય સરકારને પણ વેપાર-ઉધોગકારો હંમેશા સહયોગ આપતું રહેશે.

ત્યાર બાદ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું રાજકોટ ચેમ્બરના હોદેદારોએ ફુલહાર તથા મોમેન્ટો અર્પીને સન્માન કરવામાં આવ્યું. તેમજ અન્ય ઉપસ્થિત મહાનુભાવો-અધિકારીઓનું શાલ-બુકેથી સન્માન કરવામાં આવ્યું.

રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા તમામ મહાનુભાવોના વરદ હસ્તે રાજકોટ ચેમ્બર દ્વારા તૈયાર કરવામાં આવેલ સંપુર્ણ માહિતી સભરની નવી ડિરેકટરીનું વિમોચન કરવામાં આવ્યું. તેમજ 2 STAR

EXPORTERS એવા જયશ્રી ઈમ્પેક્ષ, જયસન્સ એક્ષપોર્ટર્સ, PBW બેરીંગ્સ પ્રા.લી., જોલી એગ્રી ઈમ્પેક્ષ પ્રા.લી., ઈવેન્ટ સ્પોન્સર મે.શિલ્પાલાઈફ સ્ટાઈલ તેમજ વિવિધક્ષેત્રે આગવું યોગદાન આપનાર અને રમત ગમતક્ષેત્રે મેળવેલ ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર એવા આર્કિટેક્ટશ્રી કિશોરભાઈ ત્રિવેદી, શ્રી મનસુખભાઈ સુવાગીયા, શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, કું.બાંશુરી પી. મકવાણા, રૂદ્ર પેથાણી, દેવમ આર. કોટક, BINTECH INFOWAYS LLP, મેંગો પીપીલ પરિવારનું મોમેન્ટો અર્પી સન્માન કરવામાં આવ્યું.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવશ્રી વી.પી. વૈષ્ણવએ ઉદબોધન કરતા જણાવેલ કે, સ્નેહમિલન કાર્યક્રમમાં આમંત્રણને માન આપી ઉપસ્થિત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અન્ય મહાનુભાવો પ્રત્યે આનંદ સહ આભારની લાગણી વ્યકત કરેલ. રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય અને સમગ્ર વિશ્વમાં તેની નોંધ લેવાઈ રહી છે તેમજ ભારત દેશ આજે વિશ્વ ફલક ઉપર ઉભરી આવ્યો હોય ત્યારે તેમાં ગુજરાતનો મહત્વનો સિંહફાળો રહયો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ વેપાર-ઉધોગજગત હરણફાળ ભરી રહયો છે અને તેમાં રાજકોટ કયારેય પણ પીછે હટ કરી ન શકે. રાજકોટ ચેમ્બર ૭૦ વર્ષ જુની વરિષ્ઠ મહાજન સંસ્થા છે અને તમામ એસોસીએશનોને સાથે રાખી કાર્ય કરી રહયું છે. ત્યારે સ્વાભાવીક છે કે, વિકાસશીલ રાજયમાં પ્રશ્નો વધુ હોય અને સરકાર પાસે વેપાર-ઉધોગની અપેક્ષાઓ પણ વધારે હોય છે અને સરકાર તે અપેક્ષાઓ પુરી કરવા હંમેશા સહયોગ આપવા તત્પર રહે છે. રાજકોટ ચેમ્બર દ્વારા સર્વાંગી વિકાસ અને વેપાર-ઉધોગને વેગ મળે તે માટે અનેક પ્રશ્નો ધ્યાને મુકવામાં આવેલ.

જેમાં મહત્વના ખાસ મુદાઓ જેવા કે, (૧) વેપાર-ઉધોગકારો એકઝીબીશન યોજી શકે અને B2B મિટીંગ કરી શકે તે માટે રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવું ખાસ જરૂરી છે, (૨) રાજકોટ ચેમ્બર વેપાર-ઉધોગના પ્રશ્નોને વાચા આપવા કેન્દ્ર તથા રાજય સરકારમાં એક સેતુ બની કાર્ય કરી રહયું હોય ત્યારે તેનું પોતાનું બિલ્ડીંગ બનાવવા માટે ટોકન દરે જમીન ફાળવવી, (૩) ડિફેન્સ અને એરોસ્પેસક્ષેત્રે પણ રાજકોટ અનેક પ્રોડકટસનું ઉત્પાદન કરી રહયું હોય ડિફેન્સ પોલીસીમાં ઔધોગીક એકમોને જંત્રીના ૨૫% મુજબ જગ્યા આપવા માટે રાજકોટનો સમાવેશ કરવો, (૪) હમણાં જ જીઆઈડીસીની જગ્યામાં જાહેર થયેલ સ્કીમ હાલની જંત્રી પ્રમાણે ગણવી નવી જંત્રી પ્રમાણે નહી જેથી કરીને ઈમિટેશન જવેલરી પાર્ક ડેવલોપ કરવા માટેનો પ્રશ્ન હલ થઈ શકે, (૫) રાજય સરકાર દ્વારા જેમ સુચિત મકાનો-પ્લોટો ઈમ્પેકટ ફી ભરી રેગ્યુલાઈઝ કરવામાં આવી રહયા છે તેમ ઈન્ડસ્ટ્રીના સર્વાંગી વિકાસને પણ ધ્યાનમાં રાખી ઈન્ડસ્ટ્રીયલ એરીયાને ઈમ્પેકટ ફી માં સામવેશ કરી રેગ્યુલાઈઝ કરવી, (૬) પ્રોફેશનલ ટેક્ષ નાબુદ કરવો, સરકાર દ્વારા મોટી કંપનીઓને આકર્ષવા માટે જે સીંગલ વિન્ડો કલીયરન્સ અમલમાં છે તો સમગ્ર ગુજરાતમાંથી રાજકોટના રજીસ્ટર MSME આશરે બે લાખથી વધુ હોય અને સૌથી વધુ રોજગાર MSME પુરી પાડી રહયો હોય તો

MSME ને સીંગલ વિન્ડો કલીયરન્સમાં સામવેશ કરવો, (૭) રાજકોટ ખાતે વર્ષોથી ખાલી પડેલ રૂડાના ચેરમેનની જગ્યા તાત્કાલીક ભરવી જેથી કરીને રાજકોટનો સર્વાંગી વિકાસ થઈ શકે અને મોટાભાગના પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય, જેમ સરકાર દ્વારા કાશમીરમાંથી ૩૭૦ કલમ હટાવીને ટુરીઝમક્ષેત્રે વિકાસ થઈ રહયો છે અને કાશમીરને ભારતના સોનાના મુગટ સમાન મુકેલ હોય તે મુજબ ગુજરાત ૧૬૦૦ કી.મી.નો દરીયા કિનારો ધરાવતો હોય ત્યારે તેનો પણ સર્વાંગી વિકાસ કરીને ટુરીઝમ હબ તરીકે ડેવલોપ કરવું જરૂરી છે, જેવી વિગેરે રજુઆતો ધ્યાને મુકી તેનું સત્વરે નિરાકરણ લાવવા સરકારશ્રી પાસે અપેક્ષાઓ રાખેલ છે. આવનારા દિવસોમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૫ ટ્રીલીયન ડોરલ ઈકોનોમી અને વિકસીત ભારત ૨૦૪૭ના સ્વપ્નને સાર્થક કરવામાં ગુજરાતની સાથે રાજકોટ હંમેશા સહયોગ આપતુ રહેશે.

પુર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ઉદબોધન કરતા જપાવેલ કે, રાજકોટ ચેમ્બરએ મહાજન છે અને તેની વાત શહેર અને રાજયના વિકાસના હિતમાં હોય છે. રાજકોટ પોતાની આવડત ઉપર આગળ વધી રહયું છે અને વિશ્વની અનેક મોટી કંપનીઓ સાથે રાજકોટની કંપનીઓ આજે તેની હરોળમાં આવી ગઈ છે. જે આપણા માટે ગૌરવની વાત છે. ત્યારે રાજકોટને વધુ મજબુત અને સક્ષમ બનાવવા માટે સરકાર હંમેશા સહકાર આપતું રહેશે.

આર્ષ વિધામંદીર-મુંજકાના પરમ પુજય સ્વામીશ્રી પરમાત્માનંદ સરસ્વતીજીએ આશિર્વચન પાઠવી જણાવેલ કે, સ્મોલ અને મિડીયમ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ હાલ ગ્લોબલ પોઝીશનમાં આવી રહયું છે. ત્યારે રાજકોટના વેપાર-ઉધોગકારો પાતાના વ્યવસાયમાં ખુબ આગળ વધે તેવી શુભકાનાઓ પાઠવી.

મૃદુ, સરળ અને મકકમ એવા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ સ્નેહમિલન કાર્યક્રમમાં સૌને મળવાની તક મળી તે બદલ સહદય આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે, રાજકોટ ચેમ્બર દ્વારા જે કન્વેન્શન સેન્ટરની માંગણી કરાયેલ છે. ત્યારે કલેકટર, મ્યુ.કમિશ્નર તેમજ પદાધીકારીઓ હાજર છે તો રાજકોટને કન્વેશન સેન્ટરની સ્થળ પર જ ફાળવણી કરી દીધેલ અને તે માટે જગ્યા ઉપલબ્ધ હોય તે સરકારના ધ્યાને મુકવી તેની કાર્યવાહી સરકાર દ્વારા તાત્કાલીક પુરી કરવામાં આવશે. વધુમાં આખા વર્લ્ડને હચમચાવી નાખનાર આ સૌરાષ્ટ્ર છે અને પથ્થરને પાટુ મારી પૈસા કમાનાર વ્યકિતઓ છે. ત્યારે રાજય સરકાર આપવા માટે હંમેશા તૈયાર છે. જંત્રીના દરોમાં પણ કોઈએ મુંજાવવાની જરૂર નથી સરકાર દરેક લોકોનું ધ્યાન રાખી રહી છે. નવી જીઆઈડીસી માટે પણ જગ્યા નકકી કરવા જણાવેલ અને તે માટે સરકાર પુરો સહયોગ આપશે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જયારથી દેશની કમાન સંભાળેલ છે ત્યારથી દરેકક્ષેત્રમાં વિકાસ થઈ રહયો છે અને સરકારની તમામ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચી રહયો છે. વિકસીત ભારત અને વિકસીત ગુજરાત અંતર્ગત સરકાર દ્વારા પર્યાવરણ ઉપર

વધારે ફોકસ કરવામાં આવી રહયું અને મિશન લાઈન શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે છેલ્લા વાઈબ્રન્ટમાં ૫૦% જેટલા MOU ગ્રીન એનર્જી માટેના થયા છે. ત્યારે ઈન્ડ્રીસ્ટ્રીઝને પણ પર્યાવરણની ખાસ જાણવણી કરવી પડશે અને ગ્લોબલ કોમ્પીટીશનમાં ટકી રહેવા માટે ગ્રીન એનર્જી મહત્વનું પાસું છે. ખાસ કરીને રાજકોટ ચેમ્બર દ્વારા જે ૮ જેટલા મુદાઓ ધ્યાને મુકયા છે તે પ્રશ્નો નહી પણ માંગણીઓ છે અને સરકાર તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરશે. ગુજરાતમાં વેપાર-ઉધોગ ધમધમતો રહે અને તે માટે કોઈપણ જરૂરીયાત રહેશે તો તે માટે રાજય સરકાર હંમેશા સાથે છે.

રાજકોટ ખાતે કન્વેન્શન સેન્ટર ફાળવવાની રાજકોટ ચેમ્બરની વર્ષોની જે માંગણી હતી તે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ પુરી કરેલ અને તે માટે માનનીય ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ ખુબ જ જહેમત ઉઠાવલ છે. જે બદલ રાજકોટ ચેમ્બર આભારની લાગણી વ્યકત કરે છે.

કાર્યક્રમના અંતે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહાનુભાવો, સરકારી અધિકારીઓ, સભ્ય પરિવાર, પ્રેસ મિડીયા તથા વિવિધ ચેમ્બરો અને એસોસીએશનોના હોદેદારો હાજરી આપવા બદલ આભારની લાગણી વ્યકત કરેલ. તેમજ તમામ કારોબારી સભ્યોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.